**અગ્રતા ક્રમ -: ૧૦**

**વિભાગ :-** શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૬૮**

**૧૫મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ ૧૩/૦૨/૨૦૨૪ (બીજી બેઠક)**

**પ્રશ્નનું શિર્ષક :** કચ્છ અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ)

**અને તેમનો મત વિસ્તાર :**(કાંકરેજ)

# અગ્રતા ક્રમ :૧૦

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૬૮

### અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ |
| **પેટા પ્રશ્ન–૧** | કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી? | શ્રી ત્રિકમભાઇ બીજલભાઇ છાંગા (અંજાર) |
| **પેટા પ્રશ્ન–૨** | કચ્છ જિલ્લામાં નવતર કયાં ક્ષેત્રમાં રોજગારીની તકો ઉભી થયેલ જોવા મળેલ છે. | શ્રી ત્રિકમભાઇ બીજલભાઇ છાંગા (અંજાર) |
| **પેટા પ્રશ્ન–૩** | રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી? | શ્રીમતી દર્શિતાબેન શાહ (રાજકોટ પશ્ચિમ) |
| **પેટા પ્રશ્ન–૪** | કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અપાયેલ રોજગારી પૈકી કેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી? | શ્રી કેશુભાઇ પટેલ (ભૂજ) |
| **પેટા પ્રશ્ન–૫** | કચ્છ અને રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ માં કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું? | શ્રી કેશુભાઇ પટેલ (ભૂજ) |

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન**

ક્રમાંકઃ પ્ર/

તારાંકિત પ્રશ્ન

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1368

વિષયઃ

કચ્છ અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | 07/02/2024 | 22/01/2024 |

*15/4/1368 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર(કાંકરેજ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કચ્છ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

(૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

----

મેઇન પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

કચ્છ અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

*15/4/1368 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કચ્છ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) |

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| કચ્છ | ૬૫૯૯ | ૧૫૮૫ | ૮૧૮૪ |
| રાજકોટ | ૧૨૫૧૮ | ૯૨૧ | ૧૩૪૩૯ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) | ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને | (૨) |

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે મળેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | કચ્છ | ૨૧૨૬૪ | ૧૮૪૫ | ૨૩૧૦૯ |
| | રાજકોટ | ૧૮૭૫૦ | ૨૬૩૭ | ૨૧૩૮૭ |
| ૨૦૨૩ | કચ્છ | ૨૨૧૪૮ | ૧૫૭૨ | ૨૩૭૨૦ |
| | રાજકોટ | ૧૮૭૩૫ | ૩૫૨૭ | ૨૨૨૬૨ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૩) | ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી? | (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી કચ્છ અને રાજકોટ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી |

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | કચ્છ | ૦ | ૨૩૧૦૯ | ૨૩૧૦૯ |
| | રાજકોટ | ૦ | ૨૧૩૮૭ | ૨૧૩૮૭ |
| ૨૦૨૩ | કચ્છ | ૦ | ૨૩૭૨૦ | ૨૩૭૨૦ |
| | રાજકોટ | ૦ | ૨૨૨૬૨ | ૨૨૨૬૨ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

ઓનલાઈન જવાબ મોકલવાની તારીખ:૦૭/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૧૮/આર-(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૬/૦૨/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક- 15/4/1368 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત છે.
- રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સરકારશ્રી દ્વારા નામ-નોંધણી, ખાલી જગ્યા પોસ્ટ કરવા, લાયક ઉમેદવારો શોધવા તેમજ રાજ્યભરની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન અરજી કરવા માટે ડીજીટલ માધ્યમ પૂરૂ પાડેલ છે. નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ ઓનલાઈન પધ્ધતિથી ભરતીમેળાની માહિતી મેળવી શકે છે અને ભાગ લઈ શકે છે.
- આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

## પૂરક નોંધ:-

## સરકારી ભરતી પ્રક્રિયા અને રોજગાર કચેરીની ભુમિકા

- સરકારશ્રીના વિવિધ વિભાગો અને ખાતા હેઠળની કચેરીઓમાં વર્ગ-૧ થી ૩ માટેની ભરતી આ અંગેના નિયત કરવામાં આવેલ નિયમો મુજબ સરકારશ્રી હસ્તકની ભરતી માટેની એજન્સીઓ જેવી કે ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, લોક રક્ષક ભરતીબોર્ડ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ વગેરે મારફતે ઉમેદવારો પાસેથી **ઓનલાઈન અરજીઓ મંગાવી લાગુ પડતા નિયમો મુજબ લેખિત અને મૌખિક પરીક્ષાઓ યોજી મેરીટ મુજબ ભરતી કરવામાં આવે છે.**
- આ ભરતીપ્રક્રિયામાં અરજી કરવા માટે **ઉમેદવારે રોજગાર કચેરીમાં નોંધણી કરાવવી ફરજીયાત** નથી.
- પરંતુ, રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સરકારી નોકરીની તકોથી માહિતગાર કરી શકાય તે માટે રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે આ અંગેની જાહેરાતો નો પ્રચાર-પ્રસાર, સેમિનાર યોજી ઉમેદવારોને જાગૃત કરવાની કામગીરી કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.
- આ પ્રકારની સરકારી ભરતી માટેની જગ્યાઓ સામે મોટા પ્રમાણમાં અરજીઓ આવે છે જેને અખબારી અહેવાલોમાં બેરોજગાર ઉમેદવાર તરીકે દર્શાવવામાં આવે છે. હકીકત માં સરકારી નોકરી માટે અરજી કરનારા ઉમેદવારો પૈકી ઘણા નોકરી અથવા વ્યવસાય સાથે સંકળાયેલા હોય છે પરંતુ વધુ સારી તક માટે અરજી કરતા હોય છે. ઉચ્ચ અભ્યાસ કરી રહેલા ઉમેદવારો પણ આવી સરકારી ભરતી માટે અરજી કરતા હોય છે. આથી આ તમામ ને બેરોજગારો ગણી શકાય નહિ.
- અગાઉ રોજગાર કચેરી દ્વારા નોંધાવવામાં આવતી સરકારી ખાલી જગ્યાઓ સામે લાયક ઉમેદવારોની ભલામણ યાદી મોકલવાની કાર્ય-પધ્ધતિ અમલમાં હતી. પરંતુ બદલાતા જતા સમય અને નવીન ટેકનોલોજી સાથે ફેરફાર કરી સરકારશ્રી દ્વારા ભરતી અને પરીક્ષા અંગેના નવીન નિયમોમાં કરેલ જોગવાઈઓ મુજબ **સરકારશ્રી હસ્તકના ભરતી આયોગ/બોર્ડ/મંડળ દ્વારા ઓનલાઈન અરજી** મેળવી પારદર્શક પધ્ધતિથી મેરીટ આધારે ભરતી કરવામાં આવે છે. જ્યારે રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રમાં રહેલ નોકરીની તકો માટે રોજગાર ભરતીમેળા, અનુબંધમ પોર્ટલ, કારકિર્દી તથા વ્યવસાય માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓ દ્વારા ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓને તથા રોજગારવાંચ્છુઓને યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહીત રીફ્રેશમેન્ટની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રસિધ્ધ થયેલ વાર્ષિક અહેવાલ અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.
- રાજ્યની રોજગાર કચેરીના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૮૫,૩૯૦ રોજગારી પુરી પાડેલ છે જે પૈકી મોટાભાગની રોજગારી મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન ક્ષેત્ર), ટેક્ષટાઇલ, કોમ્પ્યુટરક્ષેત્ર તેમજ બેંક અને વીમાને લગતી સેવાઓમાં પુરી પાડવામાં આવેલ છે.
- એપ્રેન્ટિસશીપ તાલીમ માટે ખાલી જગ્યા નોંધાવતા નોકરીદાતાઓને જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે તેમજ આવશ્યકતા અનુસાર ભરતીમેળા અને અનુબંધમ પોર્ટલ મારફતે પણ ઉમેદવારોની વિગતો રોજગાર કચેરીઓ દ્વારા પુરી પાડવામાં આવે છે.
- રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સંરક્ષણક્ષેત્રે યોજાતી (ભુમિદળ, હવાઈદળ, નૌકાદળ, BSF, પેરામિલિટરી દળો...વગેરે) ભરતીપ્રક્રિયાની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત સેના ભરતી કાર્યાલયો દ્વારા આયોજીત લશ્કરી ભરતીમેળાના આયોજનમાં સહયોગ કરવામાં આવે છે. ગુજરાતના વધુ ઉમેદવારો સંખ્યામાં જોડાય તે માટે તમામ જીલ્લાઓમાં ૩૦ દિવસની શારિરીક તેમજ લેખિત કસોટીની તૈયારી માટે નિવાસી તાલીમ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના યુવાનો માટે પણ અલગથી ખાસ વર્ગ યોજવામાં આવે છે.
- ગુજરાત રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અનુબંધમ

વેબપોર્ટલ શરૂ કરવામાં આવેલ. જેમાં ઉમેદવારો પોતાના ઘરે બેઠા નામ-નોંધણી કરી શકે છે, નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન પોસ્ટ કરી શકે છે. આ ઉપરાંત નોકરીદાતા દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ રીકવેસ્ટ, ઉમેદવારોની વિગતો શોધવી જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે તેમજ રાજ્યમાં યોજાતા રોજગાર ભરતીમેળાઓમાં ભાગ લઈ શકે છે. આ વેબપોર્ટલની મદદથી નોકરીદાતા તેમજ રોજગારવાંચ્છુ ઉમેદવાર રાજ્યના કોઈપણ જીલ્લામાં યોજાતા ભરતીમેળામાં ભાગ લઈ શકે છે તેમજ નોંધાયેલ ખાલી જગ્યા સામે ઓનલાઈન અરજી કરી શકે છે. આમ, ઉમેદવારને નોંધણીના જીલ્લા કાર્યક્ષેત્ર બહારની ખાલી જગ્યાઓ પણ અરજી માટે ઉપલબ્ધ થાય છે અને નોકરીદાતાને લાયક માનવબળ મળી રહે છે.

મેઇન પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૦

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૬૮

## પૂરક નોંધ- કચ્છ જિલ્લો

### ➢ રોજગાર કચેરીઓ:

- જીલ્લા રોજગાર કચેરી કચ્છ **સ્નાતક કે તેથી ઓછું ભણેલા ઉમેદવારો માટે**
- યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યુરો રાજકોટ **અનુસ્નાતક કે તેથી વધુ અને પ્રોફેશનલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**

### ➢ લાઇવરજીસ્ટર:

- કચ્છ જિલ્લાનું લાઇવરજીસ્ટર મુજબ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૮૧૮૪ ઉમેદવારો** નોંધાયેલ છે.

### ➢ રોજગારી:

. **કચ્છ જિલ્લામાં** વર્ષ ૨૦૨૨માં કુલ ૨૩૧૦૯ તથા વર્ષ ૨૦૨૩ માં કુલ ૨૩૭૨૦ **રોજગારવાંચ્છુઓ ને** રોજગાર કચેરી ના માધ્યમથી ખાનગીક્ષેત્રમાં રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

### ➢ રોજગાર ભરતીમેળા:

- **કચ્છ જિલ્લામાં** વર્ષ ૨૦૨૨ માં કુલ- ૮૧ ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં ૩૫૦ નોકરીદાતા હાજર રહ્યા અને **૧૨૦૧૪** ઉમેદવારોની પસંદગી કરવામાં આવી. તથા **વર્ષ ૨૦૨૩** માં કુલ- ૯૩ ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં **૪૬૨** નોકરીદાતા હાજર રહ્યા અને **૧૫૪૯૪** ઉમેદવારોની પસંદગી કરવામાં આવી.

# **અગ્રતા ક્રમ : ૧૦**

## **વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૬૮**

## પૂરક નોંધ- રાજકોટ જિલ્લો

## ➢ રોજગાર કચેરીઓ:

- જીલ્લા રોજગાર કચેરી રાજકોટ **સ્નાતક કે તેથી ઓછું ભણેલા ઉમેદવારો માટે**
- યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યુરો રાજકોટ **અનુસ્નાતકકે તેથી વધુ અને પ્રોફેશનલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**

## ➢ લાઇવરજીસ્ટર:

- **રાજકોટ** જિલ્લાનું લાઇવરજીસ્ટર મુજબ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **૧૩૪૩૯ ઉમેદવારો** નોંધાયેલ છે.

## ➢ રોજગારી:

➢ **રાજકોટ જિલ્લામાં** **વર્ષ ૨૦૨૨માં કુલ ૨૧૩૮૭ તથા વર્ષ ૨૦૨૩ માં કુલ ૨૨૨૬૨ રોજગારવાંચ્છુઓ ને** રોજગાર કચેરી ના માધ્યમથી ખાનગીક્ષેત્રમાં રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

## ➢ રોજગાર ભરતીમેળા:

- **રાજકોટ જિલ્લામાં** વર્ષ ૨૦૨૨ માં કુલ-૭૬ ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં ૩૧૧ નોકરીદાતા હાજર રહ્યા અને **૬૬૧૬** ઉમેદવારોની પસંદગી કરવામાં આવી. તથા **વર્ષ ૨૦૨૩** માં **કુલ- ૫૦** ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં **૩૧૧** નોકરીદાતા હાજર રહ્યા અને ૪૩૦૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી.

# લાઈવ રજીસ્ટર(જીલ્લો: કચ્છ)

- કોઈ એક ચોક્કસ તારીખે રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યાને લાઈવ રજીસ્ટર કહેવામાં આવે છે.
- ઉમેદવારો નામનોંધણી કરાવે તેનો સમાવેશ લાઈવ રજીસ્ટરમાં થતો જાય છે.
- રોજગાર કચેરીના પ્રયત્નો થકી જે ઉમેદવારોને નોકરી મળે, તે ઉમેદવારોના નામ લાઈવ રજીસ્ટરમાંથી કમી કરવામાં આવે છે.
- દર ત્રણ વર્ષે નામનોંધણી રિન્યુ કરાવવાની હોય છે, જે નામનોંધણી રિન્યુ ન કરાવવામાં આવે તે લાઈવ રજીસ્ટરમાંથી રદ થાય છે.
- આવી રીતે લાઈવ રજીસ્ટરની સંખ્યામાં રોજે-રોજ વધ-ઘટ થતી હોય છે.
- વધુમાં, રોજગાર કચેરી ખાતે નોંધાયેલ તમામ ઉમેદવારો બેરોજગાર હોતા નથી. આગળ અભ્યાસ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓ, નોકરી/સ્વરોજગાર કરતા ઉમેદવારો પણ નામનોંધણી કરાવતા હોય છે.
- આમ, કોઇ એક માસના અંતે લાઈવ રજીસ્ટર=ગત માસ અંતિત લાઇવ રજીસ્ટર

  + નામનોંધણી

  - રિન્યુ ન કરાવવાના કારણે રદ

  - પ્લેસમેન્ટ

| કચ્છ જીલ્લામાં નામ નોંધણી, રોજગારી અને લાઈવ રજીસ્ટરની વિગત | |
|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત લાઈવ રજીસ્ટર** | ૧૨૫૪૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થીતા.૩૧/૧૨/૨૦૨૩ (બે વર્ષ) દરમ્યાન થયેલ નામ નોંધણી | +૫૦૦૩૮ |
| કુલ | ૬૨૫૭૮ |
| **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન મેળવેલ પ્લેસમેન્ટ** | -૪૬૮૨૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન રદ થયેલ નોંધણી | -૭૫૬૫ |
| તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત લાઈવ રજીસ્ટર | ૮૧૮૪ |

મેન પેજ પર જાઓ

# <u>લાઈવ રજીસ્ટર(જીલ્લો: રાજકોટ)</u>

- કોઈ એક ચોક્કસ તારીખે રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યાને લાઈવ રજીસ્ટર કહેવામાં આવે છે.
- ઉમેદવારો નામનોંધણી કરાવે તેનો સમાવેશ લાઈવ રજીસ્ટરમાં થતો જાય છે.
- રોજગાર કચેરીના પ્રયત્નો થકી જે ઉમેદવારોને નોકરી મળે, તે ઉમેદવારોના નામ લાઈવ રજીસ્ટરમાંથી કમી કરવામાં આવે છે.
- દર ત્રણ વર્ષે નામનોંધણી રિન્યુ કરાવવાની  હોય છે, જે નામનોંધણી રિન્યુ ન કરાવવામાં આવે તે લાઈવ રજીસ્ટરમાંથી રદ થાય છે.
- આવી રીતે  લાઈવ રજીસ્ટરની સંખ્યામાં રોજે-રોજ વધ-ઘટ થતી હોય છે.
- વધુમાં, રોજગાર કચેરી ખાતે નોંધાયેલ તમામ ઉમેદવારો બેરોજગાર હોતા નથી. આગળ અભ્યાસ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓ, નોકરી/સ્વરોજગાર કરતા ઉમેદવારો પણ નામનોંધણી કરાવતા હોય છે.
- આમ, કોઇ એક માસના અંતે લાઈવ રજીસ્ટર=ગત માસ અંતિત લાઇવ રજીસ્ટર

  \+ નામનોંધણી

  \- રિન્યુ ન કરાવવાના કારણે રદ

  \- પ્લેસમેન્ટ

| રાજકોટ જીલ્લામાં નામ નોંધણી, રોજગારી અને લાઈવ રજીસ્ટરની વિગત | |
|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત લાઈવ રજીસ્ટર** | ૧૮૯૯૭ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થીતા.૩૧/૧૨/૨૦૨૩ (બે વર્ષ) દરમ્યાન થયેલ નામ નોંધણી | +૪૮૮૩૦ |
| કુલ | ૬૭૮૨૭ |
| **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન મેળવેલ પ્લેસમેન્ટ** | -૪૩૬૪૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન રદ થયેલ નોંધણી | -૧૦૭૩૯ |
| તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત લાઈવ રજીસ્ટર | ૧૩૪૩૯ |

**મેઇન પેજ પર જાઓ**

**અગ્રતા ક્રમ : ૧૦**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૬૮**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ત્રિકમભાઇ બિજલભાઇ છાંગા (અંજાર)**

| પેટા પ્રશ્ન ૧ | કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી? |
|---|---|

જવાબ

| ક્રમ | તાલુકો | રોજગારી |
|---|---|---|
| | | વર્ષ ૨૦૨૩ |
| ૧ | ભુજ | ૯૬૬૧ |
| ૨ | ગાંધીધામ | ૭૩૧૦ |
| ૩ | મુન્દ્રા | ૪૧૩૭ |
| ૪ | માંડવી | ૮૧૩૭ |
| ૫ | અબડાસા | ૪૩૩૭ |
| ૬ | ભચાઉ | ૫૦૨૮ |
| ૭ | રાપર | ૨૭૦૬ |
| ૮ | નખત્રાણા | ૫૬૬ |
| ૯ | લખપત | ૭૦૫ |
| ૧૦ | અંજાર | ૪૨૪૨ |
| કુલ | | ૪૬૮૨૯ (છેતાલીસ હજાર આઠસો ઓગણત્રીસ) |

**મેઇન પેજ પર જાઓ**

| અગ્રતા ક્રમ : ૧૦<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૪/૧૩૬૮ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ      શ્રી ત્રિકમભાઇ બિજલભાઇ છાંગા (અંજાર)** | |
| પેટા પ્રશ્ન ૨ | કચ્છ જિલ્લામાં નવતર કયાં ક્ષેત્રમાં રોજગારીની તકો ઉભી થયેલ જોવા મળેલ છે. |
| જવાબ: | • કચ્છ જિલ્લામાં સોલર પાવરથી વીજળીનુ ઉત્પાદન મેળવવા માટે ઉભા થઈ રહેલા નવીન પ્રોજેક્ટ અંતર્ગત જરૂરી કુશળ માનવબળ મળી રહે તે માટે કચ્છ જિલ્લાની રોજગાર કચેરી દ્વારા અલગ થી ભરતી મેળા યોજી આ ક્ષેત્રમાં ઉભી થયેલ રોજગારીની નવીન તકો જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને પુરી પાડેલ છે.<br>• આ ઉપરાંત ઉક્ત પ્રોજેક્ટ અનુરૂપ જરૂરી કુશળતા ધરાવતા ઉમેદવારો જેતે એકમને ઉપલબ્ધ થઈ શકે તે માટે રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટી તથા અન્ય તાલીમી સંસ્થાઓ દ્વારા આ પ્રકારની તાલીમ પુરી પાડવામાં આવે છે. |

મેઈન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૧૦**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૪/૧૩૬૮**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રીમતી દર્શિતાબેન શાહ (રાજકોટ-પશ્ચિમ)**

**પેટા પ્રશ્ન ૩**

રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી?

**જવાબ**

| ક્રમ | તાલુકો | રોજગારી |
|---|---|---|
| | | વર્ષ ૨૦૨૩ |
| ૧ | રાજકોટ | ૧૯૭૬૬ |
| ૨ | ગોંડલ | ૫૭૮ |
| ૩ | જેતપુર | ૨૨૧ |
| ૪ | ધોરાજી | ૨૭૫ |
| ૫ | ઉપલેટા | ૨૬૦ |
| ૬ | જસદણ | ૩૦૬ |
| ૭ | વિંછીયા | ૧૬૯ |
| ૮ | કોટડા સાંગાણી | ૨૨૩ |
| ૯ | લોધીકા | ૩૫૨ |
| ૧૦ | પડધરી | ૫૦ |
| ૧૧ | જામકંડોરણા | ૬૨ |
| કુલ | | **૨૨૨૬૨ (બાવીસ હજાર બસ્સો બાસઠ)** |

<table>
<tr><td colspan="2" align="center">અગ્રતા ક્રમ : ૧૦<br><br>તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૪/૧૩૬૮</td></tr>
<tr><td colspan="2" align="center">પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી કેશુભાઇ શિવદાસ પટેલ (ભુજ)</td></tr>
<tr><td>પેટા પ્રશ્ન ૪</td><td>કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અપાયેલ રોજગારી પૈકી કેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી?</td></tr>
<tr><td>જવાબ:</td><td><ul><li>કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અપાયેલ રોજગારી પૈકી ૨૧૬૮ મહિલાઓને રોજગારી આપવામાં આવેલ છે.</li><li>રોજગારીમાં મહિલાઓનું પ્રમાણ વધે તે માટે રોજગાર કચેરી દ્વારા મહિલાઓ માટેના ખાસ ભરતીમેળાનું આયોજન પણ કરવામાં આવે છે.</li></ul></td></tr>
</table>

મેઇન પેજ પર જાઓ

| **અગ્રતા ક્રમ : ૧૦**<br><br>**તારાંકિત પ્રશ ક્રમાંકઃ૧૫/૪/૧૩૬૮** | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી કેશુભાઇ શિવદાસ પટેલ (ભુજ)** | |
| **પેટા પ્રશ્ન ૫** | કચ્છ અને રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું. |
| **જવાબ:** | • કચ્છ અને રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુક્રમે ૧૭૪ તથા ૧૨૬ ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું. |

**મેઇન પેજ પર જાઓ**